# ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ

## પશ્ચિમ ગુજરાત વીજ કંપની લીમીટેડ

રજી. અને કોર્પોરેટ ઓફીસ, લક્ષ્મીનગર, નાના મવા મેઇન રોડ, રાજકોટ – ૩૬૦ ૦૦૪
ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૭
e-mail : forum.pgvcl@gebmail.com website : www.pgvcl.com
CIN: U40102GJ2003SGC042908

પીજીવીસીએલ/સીજીઆરએફ/૧૪(Review) / ક્વા-૪/૨૦૨૧-૨૨/૩૦૫૪-૧ તારીખ : ૨૯-૦૪-૨૦૨૨

**Under Review – Corrigendum**

રજી. એ.ડી. પત્ર

પ્રતિ,
કાર્યપાલક ઈજનેરશ્રી,
પ.ગુ.વી.કં.લી., વિભાગીય કચેરી,
રાજકોટ શહેર-૩

વિષય: CGRF રાજકોટના સંદર્ભિત ચુકાદા સામે રીવ્યુ/સુધારાની તા.૦૬.૦૪.૨૦૨૨ના રોજની અરજી અંગે.
સંદર્ભ: હુકમ નં.પીજીવીસીએલ/સીજીઆરએફ/૧૪/કવા-૦૪/૨૦૨૧-૨૨/૨૧૬૬-૪, તા.૨૩.૦૩.૨૦૨૨

મહોદયશ્રી,

આપશ્રી દ્વારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ સમક્ષ કરવામાં આવેલ રીવ્યુ અરજીના ચુકાદાની પ્રમાણિત નકલ આ સાથે શામેલ છે.

જે આપશ્રીને સુવિદિત થાય, આપના સહકાર સહ, આભાર સહ.

આપનો વિશ્વાસુ,

(સી. જે. ગજેરા)
કા.વા. કન્વીનર
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લી., રાજકોટ

બિડાણ : ઉપર મુજબ.

નકલ રવાના :
(૧) પરફેક્ટ પ્લાસ્ટિક ઇન્ડસ્ટ્રીઝ (મોબાઈલ: ૯૮૨૫૧૬૮૮૬૬)
C/o. મનુભાઈ બાબુભાઈ ચારણીયા, "સત્યમ" પટેલ નગર-૨, કુવાડવા રોડ, ક્રિષ્ના ટી.વી.એસ. વાળી શેરી, મુ. રાજકોટ – ૩૬૦૦૦૩

નકલ સાદર રવાના :
(૧) અધિક્ષક ઈજનેરશ્રી, પ.લી.કં.વી.ગુ., વર્તુળ કચેરી, રાજકોટ શહેર
(૨) નાયબ ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., પેટા વિભાગીય કચેરી, માધાપર રાજકોટ શહેર

# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ, રાજકોટ

પી.જી.વી.સી.એલ. રજી. અને કોર્પોરેટ કચેરી, લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ
**CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com**
**E-Mail- forum.pgvcl@gebmail.com**

## *:: Under Review - Corrigendum::*

પી.જી.વી.સી.એલ./સીજીઆરએફ/૧૪(રીવ્યુ)/ક્વા-૪/૨૧-૨૨/ તા.

૨૦૦૩ ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) અગાઉના નોટીફીકેશન નં.૦૨/૨૦૧૧ હેઠળ રચાયેલ તેમજ પ્રવર્તમાન નોટીફીકેશન નં.૦૨/૨૦૧૯ મુજબના ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF) પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ, રાજકોટ સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

Case No.PG- ૧૪(R)/ક્વા-૪/૨૧-૨૨

અરજદાર : કાર્યપાલક ઈજનેર, પી.જી.વી.સી.એલ., વિભાગીય કચેરી રાજકોટ શહેર-૩
રજૂઆત કરનાર : શ્રી એમ.આર.માંકડિયા, કાર્યપાલક ઈજનેર, પી.જી.વી.સી.એલ., વિભાગીય કચેરી રાજકોટ શહેર-૩ હાજર રહેલ છે.

### :: વિરુધ્ધ ::

સામાવાળા : પરફેક્ટ પ્લાસ્ટિક ઇન્ડસ્ટ્રીઝ ગામ: માધાપર
રજૂઆત કરનાર : અરજદાર પરફેક્ટ પ્લાસ્ટિક ઇન્ડસ્ટ્રીઝ વતી શ્રી મનુભાઈ બી. ચારણીયા તથા શ્રી અમિન એમ. ચારણીયા હાજર રહેલ છે.

### :: કોરમ ::

૧) ચેરપર્સન -શ્રી એન.સી.મકવાણા
૨) સભ્ય (સ્વતંત્ર) -શ્રીમતી નિતીનાબેન એચ. જોષી

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

સુનાવણી સ્થળ : કોન્ફરન્સ હોલ, પીજીવીસીએલ, ગ્રામ્ય વર્તુળ કચેરી, રાજકોટ
તારીખ : ૨૦-૦૪-૨૦૨૨ (બુધવાર)

### ::પ્રસ્તાવના::

૧.૦ ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ – રાજકોટના હુકમનં - પીજીવીસીએલ/સીજીઆરએફ ૧૪/ક્વા-૪/૨૧-૨૨ /૨૧૬૬-૪ તા.૨૩.૦૩.૨૦૨૨ ના ચુકાદાને રીવ્યુ કરવા અરજદાર (પીજીવીસીએલ પક્ષકાર) દ્વારા તા.૦૬-૦૪-૨૦૨૨ ના પત્ર થી રીવ્યુ અરજી દાખલ કરવામાં આવેલ. ગુજરાત વિધુત નિયંત્રક આયોગના (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને વિધુત લોકપાલ) વિનિયમો-૨૦૧૯ અંતર્ગત કલમ ૨.૬૪ મુજબ રીવ્યુ અપીલ તરીકે તા.૧૨.૦૪.૨૦૨૨ થી નોંધવામાં આવેલ. સદર રીવ્યુ અરજી અન્વયે ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દ્વારા તા.૧૨.૦૪.૨૦૨૨ ના પત્રથી – અરજદાર અને સામાવાળાને તા.૨૦-૦૪-૨૦૨૨ ની મીટીંગમાં હાજર રહેવાની જાણ કરવામાં આવેલ.

૨.૦ સદર રીવ્યુ કેસની સુનાવણી તા. ૨૦-૦૪-૨૦૨૨ (બુધવાર) ના રોજ રાખવામાં આવેલ હતી. જેમાં ઉપર મુજબના પક્ષકારો હાજર રહેલ હતા.

## :: અરજદાર પી.જી.વી.સી.એલ. પક્ષકારની રીવ્યુ અરજી ::

૩.૦ માધાપર સબડીવીઝન ના અરજદાર શ્રી પરફેક્ટ પ્લાસ્ટિક ઇન્ડસ્ટ્રીઝ c/o મનુભાઈ બાબુભાઈ ચારણીયા દ્વારા તેઓના ગ્રાહકનંબર-૩૦૭૫૬૦૧૭૪૨૪ ના એલ.ટી.એમ.ડી. ટેરીફના વીજજોડાણમાં તા.૧૧.૦૧.૨૦૨૨ ના રોજ થયેલ ટેસ્ટીંગમાં મીટર ધીમાપણ અંગેની ફરિયાદ ફોરમ સમક્ષ કરેલ છે જેનો હુકમ પીજીવીસીએલ/સીજીઆરએફ/૧૪/ક્વા-૪/૨૧-૨૨/૨૧૬૬-૪ તા.૨૩.૦૩.૨૦૨૨ થી મળેલ છે. જેમાં નીચે મુજબની પુન: વિચારણા કરવા ફોરમ સમક્ષ રીવ્યુ અરજી કરેલ છે.

૩.૧ ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમના હુકમ નં- ૨૧૬૬-૪ તા. ૨૩.૦૩.૨૦૨૨ ના મુદ્દા ૪.૬ મુજબ સને ૨૦૨૦ ના માહે ઓક્ટોબર-૨૦૨૨૦ થી ડિસેમ્બર-૨૦૨૦ ના વીજબિલમાં વીજવપરાશ નીચે મુજબ નોંધાયેલ હતું.

| Billing Month | Billing Date | No. Of Days | Consumption (KWh) |
|---|---|---|---|
| OCT-2020 | 11-11-2020 | 29 | 18340 |
| Nov-2020 | 11-12-2020 | 30 | 16962 |
| Dec-2020 | 06-01-2021 | 26 | 8450 |
| | Total | 85 | 43752 |
| | Average Per Day | | 509 |

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

ઉપરોક્ત વિગતોને ધ્યાને લેતા પીજીવીસીએલનું અપાયેલ સરેરાશ વપરાશ મુજબનું બિલ રદ્દ કરીને ઉપરના કોષ્ટકમાં કરાયેલ ગણતરી મુજબ પ્રતિદિન સરેરાશ વપરાશ ૫૦૯ યુનીટ ને બદલે ૫૧૪ યુનિટ થતા હોય જે ધ્યાને લઈને વિવાદિત સમયગાળા (તા.૧૯.૧૦.૨૦૨૧ થી ૨૪.૧૨.૨૦૨૧ સુધીનું) વીજબિલ રીવાઈઝ કરવું.

૩.૨ વધુમાં પી.જી.વી.સી.એલ.ની પક્ષકારની રજૂઆત મુજબ સદર હુકમ ભૂલભરેલો અને કંપનીના સ્થાપિત સિદ્ધાંતો (ગુજરાત વિદ્યુત નિયામક આયોગ) GERC ના વિરુદ્ધનો છે. કંપનીના સપ્લાય કોડ ૬.૫૮ ના જણાવેલ સિદ્ધાંતો વિરુદ્ધમાં હુકમ હોય તેમજ હુકમમાં જણાવેલ સરેરાશ વપરાશની ગણતરી સમય ૨૦૨૧ ને બદલે ૨૦૨૦ નો ધ્યાનમાં લીધેલ છે જે તાર્કિક અને અનુમાન પ્રેરિત છે જેના પુરાવા/દસ્તાવેજ રજુ થયેલ નથી. મીટરનો વપરાશ અંગેનો હુકમ પુનઃવિચારણા કરી પી.જી.વી.સી.એલ. દ્વારા આપેલ સરેરાશ વપરાશનું પુરવણી બિલ માન્ય રાખવા વિનંતી કરેલ છે.

## :: સામેવાળા ગ્રાહક પક્ષકારની રજૂઆત ::

૪.૦ અરજદાર શ્રી પરફેક્ટ પ્લાસ્ટિક ઇન્ડસ્ટ્રીઝ વતી તેઓના પ્રતિનિધિ તરીકે હાજર રહેલા મનુભાઈ બાબુભાઈ ચારણીયા અને શ્રી અમિન એમ. ચારણીયા દ્વારા નીચે મુજબ મૌખિક રજૂઆત કરેલ છે.

૪.૧ ફોરમ દ્વારા અપાયેલ હુકમ નં. પીજીવીસીએલ/સીજીઆરએફ/૧૪/ક્વા-૪/૨૧-૨૨/૨૧૬૬-૪ તા.૨૩.૦૩.૨૦૨૨ મુજબ રીવાઈઝ વીજબીલની ગણતરી સાથેની જાણકારી મળેલ નથી. તેમજ સદર વીજજોડાણમાં વીજ વપરાશ સીઝન આધારિત હોવાથી પી.જી.વી.સી.એલ. દ્વારા અપાયેલ સરેરાશ વીજબીલની ગણતરી યોગ્ય નથી તેમજ પી.જી.વી.સી.એલ. દ્વારા સદર વીજજોડાણ અન્વયે અપાયેલ માહે માહે નવેમ્બર-૨૦૨૧નું વીજબીલ તા.૧૯-૧૧-૨૦૨૧ ના રોજ "૦" યુનીટ વીજ વપરાશનું અપાયેલ છે જે અન્વયે પી.જી.વી.સી.એલ.ની જાણકારીમાં સદર બાબત હોવા છતાં પણ સદર મીટર બદલાવેલ નથી તેમજ ત્યારબાદ માહે ડિસેમ્બર-૨૦૨૧નું વીજબીલ તા.૨૪-૧૨-૨૦૨૧ ના રોજ આપેલ છે જે પણ મીટર રીડર દ્વારા "૦" યુનીટ વીજવપરાશ મુજબ આપેલ ત્યારબાદ સદર મીટર ફોલ્ટી ગણીને વધારે વપરાશનું ૦૨ માસનું બીલ એક

સાથે આપેલ છે જે અન્યાયી હોય રદ ગણવું તેમજ સદર ગ્રાહકના વીજજોડાણના સમાન હેતુના અન્ય વીજજોડાણ ગ્રાહક નં - ૩૦૭૨૪/૫૦૭૪/૪ અને ૩૦૭૨૪/૦૦૦૧૧/૯ ના વીજવપરાશની વિગત નીચે મુજબ રજુ કરેલ છે

| Month /Year | Cons. 30724/00011/9 – 30.5 KW | | Cons. 30724/05074/4 - 34.5 KW | |
|---|---|---|---|---|
| | 2020 | 2021 | 2020 | 2021 |
| October | 12486 | 967 | 21881 | 1471 |
| November | 2784 | 1176 | 15465 | 14953 |
| December | 93 | 1042 | 471 | 11946 |

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

- આમ, પી.જી.વી.સી.એલ. દ્વારા અપાયેલ સરેરાશ વપરાશનું બીલ અયોગ્ય છે.

## :: હુકમ ::

૫.૦ અરજદાર તરીકે પીજીવીસીએલ પક્ષકાર (Review Petitioner) દ્વારા કરેલ લેખિત રજૂઆત તથા સામાવાળાની રજૂઆત અને રજૂ કરાયેલા દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ દ્વારા નીચે મુજબનો નિર્ણય કરાયેલ છે.

૫.૧ ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ – રાજકોટના હુકમનં. પીજીવીસીએલ/સીજીઆરએફ/૧૪/ક્વા-૪/૨૧-૨૨/૨૧૬૬-૪ તા.૨૩.૦૩.૨૦૨૨ ના ચુકાદાને મુદ્દા નં ૪.૬ અંતર્ગતની વિગતે રીવ્યુ કરવા અરજદાર પીજીવીસીએલ પક્ષકાર (Review Petitioner) દ્વારા તા.૦૬-૦૪-૨૦૨૨ ના પત્રથી અરજી દાખલ કરવામાં આવેલ.

૫.૨ અરજદાર વીજકંપની દ્વારા રીવ્યુ અરજીમાં ફોરમના હુકમના પેરા નં ૪.૬ માં જણાવ્યા મુજબ સરેરાશ વીજવપરાશની ગણતરીના કોષ્ટકમાં ૫૦૯ યુનીટને બદલે ૫૧૪ યુનીટ થતા હોય તે ધ્યાને લઇ સુધારો કરવા જણાવેલ છે. તેમજ નામદાર જીઈઆરસીના સપ્લાય કોડ નોટીફીકેશન નં. ૦૪ / ૨૦૧૫ ના મુદ્દા નં ૬.૫૮ ના જણાવેલ સિદ્ધાંતો વિરુદ્ધમાં હુકમ હોય તેમજ હુકમમાં જણાવેલ સરેરાશ વપરાશની ગણતરી સમય વર્ષ-૨૦૨૧ ને બદલે વર્ષ-૨૦૨૦ ને ધ્યાનમાં લીધેલ છે જે તાર્કિક અને અનુમાન પ્રેરિત છે જેના પુરાવા/દસ્તાવેજ રજુ થયેલ નથી. મીટરનો વપરાશ અંગેનો હુકમ પુનઃવિચારણા કરી પી.જી.વી.સી.એલ. દ્વારા આપેલ સરેરાશ વપરાશનું પુરવણી બિલ માન્ય રાખવા વિનંતી કરેલ છે.

૫.૩ સદર કેસમાં અપાયેલ ફોરમના હુકમના મુદ્દા નં ૪.૬ મુજબની વિગતે, માહે ઓક્ટોબર-૨૦૨૦ થી માહે ડીસેમ્બર-૨૦૨૦ ના વીજબીલમાં વીજવપરાશ ની સરેરાશ ગણતરીના કોષ્ટકમાં પ્રતિદિન સરેરાશ વપરાશ ૫૦૯ યુનીટ ને બદલે ૫૧૪ યુનીટ થતા હોય જે સ્વીકારતા સદર કેસના મૂળ હુકમ તા.૨૩-૦૩-૨૦૨૨માં નીચે મુજબ સુધારો કરવામાં આવે છે.

"૪.૬ ફરિયાદી અરજદારનું વીજમીટર લેબ રીપોર્ટ પ્રમાણે મીટરમાં રીવર્સ રીડીંગ નોંધતું હોવાથી તા.૧૯-૧૦-૨૦૨૧ થી તા.૨૪-૧૨-૨૦૨૧ સુધીમાં અરજદારનો વાસ્તવિક વીજવપરાશ એમ.આર.આઈ. અહેવાલ પરથી જાણી શકાતો નથી. જેથી અગાઉના વીજવપરાશને ધ્યાને લઇને સરેરાશ બીલ આપેલ છે. સદર સંજોગોમાં અરજદારની લેખિત / મૌખિક રજૂઆતને ધ્યાને લેતા સદર વિવાદિત સમયગાળાનું વીજબીલ અગાઉના વર્ષ-૨૦૨૦ ના માહે ઓક્ટોબર-૨૦૨૦ થી માહે ડીસેમ્બર-૨૦૨૦ ના વીજબીલમાં વીજવપરાશ નીચે મુજબ નોંધાયેલ છે.

| Billing Month | Billing Date | No. Of Days | Consumption (KWh) |
|---|---|---|---|
| OCT-2020 | 11-11-2020 | 29 | 18340 |
| NOV-2020 | 11-12-2020 | 30 | 16962 |
| DEC-2020 | 06-01-2021 | 26 | 8450 |
| | Total | 85 | 43752 |
| | | Average Per day | 514 |

ઉપરોક્ત વિગતોને ધ્યાનમાં લેતા પી.જી.વી.સી.એલ. દ્વારા અપાયેલ સરેરાશ વપરાશ મુજબનું બીલ રદ કરીને ઉપરના કોષ્ટકમાં કરાયેલ ગણતરી મુજબ પ્રતિદિન સરેરાશ વીજવપરાશ ૫૧૪ યુનીટ ધ્યાને લઈને વિવાદિત સમયગાળા (તા.૧૯-૧૦-૨૦૨૧ થી તા.૨૪-૧૨-૨૦૨૧ સુધી)નું વીજબીલ નીચે મુજબ રીવાઈઝ કરવું."

| Old Meter Sr. No. Genus PG 173661 | | | | |
|---|---|---|---|---|
| Billing Month | Billing Date | No. Of Days (A) | Average Per day (B) | Consumption (KWh) (C=A*B) |
| NOV-2021 | 19-11-2021 | 32 | 514 | 16448 |
| DEC-2021 | 24-12-2021 | 35 | 514 | 17990 |
| Total | | | | 34103 |

૫.૪ અરજદાર (પી.જી.વી.સી.એલ.) દ્વારા ફોરમના હુકમની સામે ફેર વિચારણાની અરજીના સંદર્ભમાં ફોરમ દ્વારા અપાયેલ હુકમ સ્પષ્ટ છે તે મુજબ સદર ગ્રાહકનું મીટર વીજબીલ માહે નવેમ્બર-૨૦૨૧ અને માહે ડિસેમ્બર-૨૦૨૧ દરમ્યાન ખામી વાળું ધ્યાનમાં આવેલ હોવા છતાં પણ "0" યુનીટ વીજ વપરાશના વીજબીલ ગ્રાહકને આપેલ છે જે ગંભીર બેદારકરી ધ્યાને આવેલ છે વધુમાં સદર સવાલવાળું મીટર બદલવા અંગેની કોઈ કાર્યવાહી કરાયેલ નથી. જો પી.જી.વી.સી.એલ. દ્વારા જે તે સમયે એટલેકે તા.૧૯-૧૧-૨૦૨૧ ના રોજ મીટર ખામી વાળું છે તે ધ્યાને આવેલ ત્યારે વીજમીટર બદલવાની કાર્યવાહી કરાયેલ હોત તો સદર પ્રકારની તકરાર ઉદ્ભવેલ ન હોત, તેમજ અરજદારનું સવાલવાળું વીજમીટર લેબોરેટરી રીપોર્ટ મુજબ ક્ષતિગ્રસ્ત હોવાથી નામદાર જીઈઆરસીના સપ્લાય કોડ નોટીફીકેશન નં. ૦૪/૨૦૧૫ ના મુદ્દા નં ૬.૫૮ મુજબ ગ્રાહકનું મીટર ખામી યુક્ત જણાય તે તારીખથી અગાઉના ૦૩ બિલીંગ અવધીના સરેરાશ વીજવપરાશ અથવા પછીની મુદતના ૦૩ બિલીંગ અવધી મુજબ થયેલ સરેરાશ વીજવપરાશને ગણતરીમાં લઈ શકાય. પરંતુ સદર કેસમાં અરજદારનો વીજવપરાશ વીજમીટર બદલ્યા પહેલાના અને પછીના સમયગાળામાં અનિયમિત હોવાથી ફોરમ દ્વારા વિવાદિત સમયગાળાનું બિલીંગ અગાઉના વર્ષના સદર સમયગાળાને ગણતરીએ લઈને હુકમ મુદ્દા નં ૫.૩ મુજબ કરેલ છે જે યોગ્ય છે.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

૫.૫ અરજદાર પી.જી.વી.સી.એલ. દ્વારા જે રીવ્યુ અપીલ દાખલ કરેલ છે જેને ધ્યાને લેતા ફોરમના મૂળ હુકમ તા.૨૩-૦૩-૨૦૨૨ ના પેરા નં – ૪.૬ નું સ્પષ્ટીકરણ ઉપરોક્ત મુદ્દા નં ૫.૩ મુજબ કરાયેલ છે, તેમજ મૂળ હુકમ તા.૨૩-૦૩-૨૦૨૨ ના અન્ય અવલોકનોને કાયમ રાખવામાં આવે છે.

(એન.એચ.જોષી)
સભ્ય (સ્વતંત્ર)

(એન.સી.મકવાણા)
ચેરપર્સન

નોંધ: અરજદાર સદર હુકમથી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખથી દિન ૩૦ માં વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરી શકે છે. આ રજૂઆત કરવા માટે ગુજરાતવિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો' ૨૦૧૯ જાહેરનામા નં.૨/૨૦૧૯ની કલમ ૩.૧૯ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે અને કલમ ૩.૧૯ (૮) મુજબ ફરિયાદીએ જરૂરી હોય તો ફોરમના હુકમના સંદર્ભમાં પરવાનેદાર પાસે એક તૃતીયાંશ રકમ જમા કરાવી હોય અને કરેલ ચૂકવણીની સાબિતી રજૂ કરી હોય, તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે. લોકપાલશ્રીની કચેરીનું સરનામું: વિદ્યુત લોકપાલની કચેરી, બ્લોક નં. ૩, પોલીટેકનીક કમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫.ફોન નં. (૦૭૯) ૨૬૩૦૨૬૮૯.